# વડોદરા મહાનગર સેવા સદન, વડોદરા.

## સીધી ભરતી માટેની જાહેરાત
## (જાહેરાત ક્રમાંકઃ૬૨૫/૨૦૧૫–૧૬)

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યાની સંખ્યા | કેટેગરી |
|---|---|---|---|
| ૧ | લાઈફ ગાર્ડ કમ ટ્રેઈનર્સ | ૦૨ | સા.શૈ.પ.વ.–૦૧<br>સામાન્ય–૦૧ |

1. **શૈક્ષણિક લાયકાત અને અનુભવઃ**
    1. ઉમેદવાર એસ.એસ.સી પાસ હોવો જોઈએ. ઉમેદવાર નિષ્ણાંત તરવૈયા તથા પાણીની તમામ રમતો શીખવવાનો અનુભવી હોવો જોઈએ. ડુબતા માણસને બચાવવાની તથા કૃત્રિમ શ્વાસોશ્વાસ આપવાની ક્રિયાની બધી રીતોનો જાણકાર હોવો જોઈએ.
2. **પગાર ધોરણઃ**
    1. પાંચ વર્ષ માટે રૂ.૭,૮૦૦/– માસિક ફિકસ વેતન.
    2. સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંકઃખરચ/૨૦૦૨/૫૭ ઝ–૧, તા.૧૬–૦૨–૦૬ અન્વયે માસિક ફિકસ વેતનથી પાંચ વર્ષ સુધી અજમાયશી નિમણુંકને પાત્ર થશે. ત્યારબાદ કામગીરી સંતોષકારક રીતે પૂર્ણ કર્યેથી નિયત પગાર ધોરણ રૂ.૫૨૦૦/– થી રૂ.૨૦૨૦૦/– (ગ્રેડ પે–૧૯૦૦) થી નિયમોનુસાર સમાવવા અંગે વિચારણા કરવામાં આવશે.
3. **ઉંમરઃ**

    ઉમેદવારની ઉંમર ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ.

## જાહેરાતની સામાન્ય જોગવાઈઓ:

1. ઉપર જણાવેલ જગ્યા માટે ઉમેદવારી કરતાં પહેલાં ઉમેદવારે પોતે જરૂરી પાત્રતા ધરાવે છે કે નહીં તેની ખાત્રી કરવી.
2. રસ ધરાવતા ઉમેદવારોએ તા.૦૬–૧૦–૨૦૧૫ (૧૧–૦૦ કલાક) થી તા.૨૦–૧૦–૨૦૧૫ (૨૩–૫૯ કલાક) દરમ્યાન www.vmc.gov.in વેબસાઇટ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઓનલાઇન અરજી કરતાં પહેલા ભરતીને લગતી માહિતી તેમજ સુચનાઓ www.vmc.gov.in ઉપરથી વાંચી લેવાની રહેશે.
3. **પગાર ધોરણ:** સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક:ખરચ/૨૦૦૨/૫૭૭–૧, તા.૧૬–૦૨–૦૬ અન્વયે માસિક ફિક્સ વેતનથી પાંચ વર્ષ સુધી અજમાયશી નિમણુંકને પાત્ર થશે. ત્યારબાદ કામગીરી સંતોષકારક રીતે પૂર્ણ કર્યેથી નિયત પગાર ધોરણથી નિયમોનુસાર સમાવવા અંગે વિચારણા કરવામાં આવશે.
4. **અનામત:** ગુજરાત સરકારશ્રી દ્વારા માન્ય કરેલ હોય તેવા અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને જ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે આ અંગે ગુજરાત રાજયના સક્ષમ અધિકારીશ્રી દ્વારા ઇશ્યુ કરાયેલ જાતિ અંગેનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.
5. **વયમર્યાદા:** અરજી સ્વીકારવાની છેલ્લી તારીખને ધ્યાને લઇને ઉંમર ગણવામાં આવશે.
6. **વયમર્યાદામાં છુટછાટ:**

   એ. ગુજરાત સરકારશ્રી દ્વારા માન્ય કરેલ હોય તેવા અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત ઉમેદવારોના કિસ્સામાં ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર ૦૫ (પાંચ) વર્ષની છુટછાટ આપવામાં આવશે. અનામત વર્ગોના ઉમેદવારો જો બીન અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર રહેશે નહી.

   બી. વડોદરા મહાનગર સેવા સદનના કર્મચારીને ઉપલી વય મર્યાદામાં ઉંમરનો બાધ રહેશે નહી. તેઓએ પણ ઓનલાઇન અરજી કરવાની રહેશે.
7. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૯–૦૨–૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ–ક ના નમુનામાં નાણાંકીય વર્ષ–૨૦૧૪–૨૦૧૫ નું તા.૦૧–૦૪–૨૦૧૫ પછીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

8. ગુજરાત સરકારના સરકારી/અર્ધ–સરકારી/સરકાર હસ્તકના કોર્પોરેશન/કંપનીઓમાં સેવા બજાવતાં અધિકારી/કર્મચારીઓએ પણ ઓનલાઇન અરજી કરવાની રહેશે. તેમજ પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી વખતે ઉમેદવારે સક્ષમ અધિકારીનું ના–વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

9. ઉમેદવારે નિયત અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ કચેરી દ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે તે તબકકે રદ ગણવામાં આવશે.

10. ઉમેદવારે અરજીમાં દર્શાવેલ કેટેગરીમાં પાછળથી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

11. ઉમેદવારે સરકાર માન્ય સંસ્થામાંથી જગ્યાને અનુરૂપ **CCC** લેવલનો કોમ્પ્યુટર કોર્ષ અવશ્ય પાસ કરેલ હોવો જોઇએ અથવા નિમણુંક થયા તારીખથી ૦૬ માસ સુધીમાં સદર કોર્ષ પાસ કરવાનો રહેશે.

12. **<u>અરજી ફી સ્વીકારવા/જમા કરાવવા અંગેઃ</u>**

એ. જનરલ કેટેગરીના ઉમેદવારોએ નજીકની કોઇપણ બેંક ઓફ બરોડા ની શાખામાં અરજી ફી પેટે રૂ.૨૦૦/– + બેન્ક ચાર્જીસ ભરવાના રહેશે.

બી. અ.જા.**,** અ.જ.જા. અને સા.શૈ.પ.વ**.** કક્ષાના ઉમેદવારોએ નજીકની કોઇપણ બેંક ઓફ બરોડા ની શાખામાં અરજી ફી પેટે રૂ.૧૦૦/– + બેન્ક ચાર્જીસ ભરવાના રહેશે.

સી. ઉમેદવાર જયારે **VMSS** વેબસાઇટ પર પોતાની અરજી સબમીટ કરે ત્યારે તેઓને અરજી ફી ભરવા માટે ઓનલાઇન ઉપલબ્ધ ચલણની ૩ નકલોની એક પાના ઉપર પ્રિન્ટ સુચના મળશે. ઉમેદવારોએ આ પાનાની પ્રિન્ટ મેળવી લઇ ચલણ સાથે કોઇ પણ બેંક ઓફ બરોડા ની શાખામાં ફીની રકમ રોકડેથી ભરવાની રહેશે. ચલણની એક નકલ બેંક રાખી લેશે અને બે નકલ ઉમેદવારને પરત આપશે. આ નકલ ઉમેદવારે સાચવી રાખવાની રહેશે અને પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી/લેખિત/મૈખિક કસોટી સમયે કોલલેટર સાથે અચૂક લાવવાની રહેશે.

ડી. જો ઉમેદવાર ફી ભર્યાની નકલ સાથે નહી લાવે તો તેવા ઉમેદવારોને પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી/લેખિત/મૈખિક કસોટી માં પ્રવેશ આપવામાં આવશે નહી.

ઇ. અન્ય કોઇ રીતે ફી સ્વીકારવામાં આવશે નહી.

એફ. બેંક ઓફ બરોડા ની શાખામાં અરજી ફી ભરવાની છેલ્લી તારીખ.૨૬–૧૦–૨૦૧૫ રહેશે. (નાંણાકીય કામકાજના સમય દરમ્યાન)

જી. અરજી ફી ભર્યા બાદ કોઇ પણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી.

13. ભરતી પ્રક્રિયા દરમ્યાન જો કોઇ ઉમેદવાર દ્વારા સીધી અથવા આડકતરી રીતે રાજકીય કે અન્ય કોઇ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.

14. ઉમેદવારે અરજી પત્રકમાં કોઇ પણ વિગત ખોટી બતાવેલ હશે અને તે ધ્યાનમાં આવશે તો તેનું અરજીપત્રક/નિમણુંક કોઇ પણ તબક્કે રદ કરવામાં આવશે.

15. આ જાહેરાત અન્વયેની ભરતી અંગે લેખિત પરિક્ષા/મૌખિક ઇન્ટરવ્યુ બાબતે વડોદરા મહાનગર સેવા સદનના સક્ષમ અધિકારીશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવશે.

16. પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી/લેખિત/મૈખિક કસોટી માટે બોલાવવામાં આવતા ઉમેદવારોને કોઇપણ જાતનું મુસાફરી ભથ્થુ મળવાને પાત્ર થશે નહીં.

17. આ જાહેરાત કોઇ પણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સંપૂર્ણ હક/અધિકાર મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા ને રહેશે.

18. ઉમેદવારને ઓનલાઇન અરજી કર્યા બાદ જાહેરાત સંબંધી અન્ય કોઇ સુચના માટે www.vmc.gov.in વેબસાઇટ સતત જોતા રહેવા અનુરોધ છે.

**તા.૦૩–૧૦–૨૦૧૫.**

**મ્યુનિ.કમિશ્નર**
**વડોદરા મહાનગર સેવા સદન**